જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૯/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૭૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૨૭ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૪૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૭૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૮૦/૨૦૨૫**

રામોલઃ ઉમંગ પ્રવિણભાઈ સથાવરા (ઉ.વ.૨૪)(રહે,હરીઓમ એલીગન્સ રીલાયસન્સ પ્રેટ્રોલ પંપ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૯/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્ર દાજીરાવ ચલાવે છે.

ખોખરાઃ કમલેશભાઈ કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૩૮)(રહે.નવનિર્માણ સોસાયટી વિભાગ–૦૧ મેથોડીસ ચર્ચ સામે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તા.૦૯/૦૯/૨૦૨૫ રાતના ૯/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.ચૌધરી ચલાવે છે.

વાડજઃ અંકિતભાઈ સુરેશચંદ્રભાઈ શાહ (ઉ.વ.૫૧)(રહે. ફેવરીટ સોસાયટી નવા વાડજ) નાઓને પગમા તકલીફ થયેલ હોય સારવાર અર્થે તેમને તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ પલ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૦/૦૯/૨૦૨૫ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પલ્સ હોસ્પિટલના પાંચમા માળે ધાબા ઉપર આવેલ સ્ટાફ રૂમની બારીમાંથી નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યુવરાજસિહ ખુમાનસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી